# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-09-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## GST - નાણામંત્રી

**GST** પરિષદે સામાન્ય માણસ, શ્રમ-સઘન ઉદ્યોગો, ખેડૂતો, કૃષિ, આરોગ્ય અને અર્થતંત્ર માટે **GST** દરોમાં સુધારો કરીને તેમને તર્કસંગત બનાવવાને મંજૂરી આપી છે. નાણામંત્રીની અધ્યક્ષતામાં જીએસટી પરિષદની 56મી બેઠક નવી દિલ્હીખાતે યોજાઇ. ગઈકાલે નવીદિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા,નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે સામાન્ય માણસ અને મધ્યમ વર્ગ દ્વારા ઉપયોગમાં લેવાતી વસ્તુઓ પરનો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ **(GST)** 18 અને 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાંઆવ્યો છે. તેમણે માહિતી આપી હતી કે **GST** કાઉન્સિલે વ્યક્તિગત જીવન વીમા પોલિસી અને વ્યક્તિગત આરોગ્ય વીમા પોલિસીઓ પર **GST**માંથી મુક્તિને મંજૂરી આપી છે જેમાં ફેમિલીફ્લોટર અને વરિષ્ઠ નાગરિકો માટેની પોલિસીનો સમાવેશ થાય છે. આ બધા ફેરફારો આમહિનાની 22મી તારીખથી નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવશે. શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે આ પગલુંસામાન્ય માણસ માટે વીમાને સસ્તું બનાવવા અને દેશમાં વીમાની પહોંચ વધારવાનો છે. નાણામંત્રીએ ૩૩જીવનરક્ષક દવાઓ અને દવાઓ પરનો **GST** ૧૨% થી ઘટાડીનેશૂન્ય કર્યો છે. કેન્સર તથા દુર્લભ રોગો અનેઅન્ય ગંભીર બીમારીઓની સારવારમાં વપરાતી ત્રણ જીવનરક્ષક દવાઓ પરનો **GST** 5% થી ઘટાડીને શૂન્ય કર્યો છે. અન્ય તમામ દવાઓઅને દવાઓ પરનો **GST** 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે. તબીબી, સર્જિકલ, ડેન્ટલ, પશુચિકિત્સા અને ભૌતિક અને રાસાયણિક વિશ્લેષણમાટે વપરાતા વિવિધ તબીબી સાધનો પરનો **GST** પણ 18% થી ઘટાડીને ૫% કરવામાં આવ્યો છે.

**------------------------------------------------------------------------------------------**

## ઋષિકેશ પટેલ

5મી ગુજરાત વિધાનસભાના સાતમા સત્ર દરમિયાન કુલ 5 ખરડા રજૂ કરાશે. ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આ સત્રમાં શ્રમ, કૌશલ્ય વિકાસ રોજગાર, નાણા, ઉદ્યોગ-ખાણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ખરડા રજૂ કરાશે. 8 થી 10 સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર આ સત્રના પ્રથમ દિવસે પ્રશ્નોતરી થયા બાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે. જ્યારે તારીખ 9 અને 10ના રોજ પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત ઓપરેશન સિંદૂરની સફળતાના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અભિનંદન પ્રસ્તાવ લાવવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## મહિલા અને બાળ વિકાસ મંત્રી

મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર ખાતેથી ૩૭ કરોડ ૪૮ લાખ ના ખર્ચે ૨૩૩ આંગણવાડીનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યા. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, આંગણવાડી એ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહિ, બાળકોના સર્વાંગી વિકાસની પ્રથમ શાળા છે. આંગણવાડીમાં અદ્યતન સુવિધાઓ, પોષણયુક્ત આહાર, રમત સાથે બાળકોને પ્રારંભિક શિક્ષણ આપવામાં આવે છે.

આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનોની કામગીરીને બિરદાવતા મંત્રીએ કહ્યું હતું કે, આંગણવાડીની બહેનો બાળકોની પ્રેમ અને વાત્સલ્યથી સંભાળ રાખે છે તેમના શ્રેષ્ઠ પ્રયાસોના કારણે આજે અનેક વાલીઓ પોતાના બાળકોને આંગણવાડીમાં મોકલતાં થયાં છે.ભૂલકામેળામાં ભૂલકાના કૌશલ્યને પ્રોત્સાહન આપતા વિજેતા થનાર બાળકોને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ટેકાના ભાવે ખરીદી પોર્ટલ

ટેકાના ભાવે ખરીદીની નોંધણી માટેનું પોર્ટલ પુનઃ કાર્યરત થયાના એક જ દિવસમાં બે લાખ 17 હજાર ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગત વર્ષની સરખામણીએ પોર્ટલ પર 100 ટકા વધારે લોડ આવતા સિસ્ટમ ક્રેશ થઈ હતી. તેમણે ઉમેર્યું ચાલુ વર્ષે પોર્ટલને 4 હજાર 500 **VCE** ઉપરાંત ૩૦ ટકા વધારાની ક્ષમતા સાથે પોર્ટલ કાર્યરત કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ – મહાનગરપાલિકા

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા હાલના સમયે મહિને લગભગ 1.41 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીએ નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલ દેસાઈ સાથે શહેરના લીલાશાહ વિસ્તાર, ગાંધી માર્કેટ તેમજ મુખ્ય બજાર સહિતના વિસ્તારોની મુલાકાત લઇ સફાઈની કામગીરીનું નિરક્ષણ કર્યું હતું. જન સુવિધા કેન્દ્રમાં 24 કલાક ફરિયાદ કંટ્રોલરૂમ કાર્યરત કરવાની સૂચના આપી છે. લોકોનો ફોન આવે એટલે ઉપાડીને તેની ફરિયાદની નોંધ કરવાની છે અને તે ફરિયાદનો નિકાલ પણ ઝડપથી કરવાનો છે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## માધાપર – નાના યક્ષનો મેળો

માધાપર ખાતે આવેલા નાના યક્ષ ખાતે તા. 6 સપ્ટેમ્બર શનિવારથી ત્રિદિવસીય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનું ઉદ્ઘાટન શનિવારે સવારે 10 કલાકે કરવામાં આવશે. મેળાના પ્રારંભ પ્રસંગે સાંસદ, જિ.પંચાયત પ્રમુખ, ભુજના ધારાસભ્ય, તા.પંચાયત પ્રમુખ, જિ.પંચાયતના પૂર્વ પ્રમુખ ઉપસ્થિત રહેશે. માધાપર જૂનાવાસ સરપંચ અને તલાટીના માર્ગદર્શનમાં મેળાની તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ પીજીવસીએલ કંટ્રોલ રૂમ કાર્યરત

પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા કચ્છમાં પહેલી વખત કોમ્પ્યુટરની મદદ લઈને વીજ વિક્ષેપનાં કારણો ઝડપભેર એક જ કંટ્રોલ રૂમમાં લઈને ટીમને તુરંત જાણ થઈ જાય તેવી વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભુજ અને અંજાર સર્કલના છ ડિવિઝનમાં કમાન્ડ મોનિટરિંગ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ કમાન્ડ મોનિટરિંગ એન્ડ કન્ટ્રોલ સેન્ટર વિશે પી.જી.વી.સી.એલ.ના ભુજ સર્કલના અધીક્ષકે જણાવ્યું હતું કે, આ કચ્છ માટે અત્યંત નવી પદ્ધતિ છે. જે પહેલી વખત ઉપયોગમાં લેવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------